# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 19-07-2024** **બપોરે : 1.20થી 1.30**

**વાર : શુક્રવાર**

**આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.**

---

- ✓ ઉત્તરપ્રદેશમાં ગોંડા રેલ દુર્ઘટનાનો મૃત્યુઆંક વધીને ચાર થયો.
- ✓ નીટ-યુજી પ્રવેશ પરિક્ષામાં ગેરરિતી કેસમાં સીબીઆઇએ રાંચીની મેડિકલ કોલેજની વિદ્યાર્થીનીની ધરપકડ કરી.
- ✓ સરકાર સોમવારથી શરૂ થતા સંસદનાં ચોમાસુ સત્રમાં છ નવા ખરડાઓ રજૂ કરશે.
- ✓ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા વાહનના વિન્ડશીલ્ડ પર FASTag નહીં ચોંટાડનારા વાહનચાલકો પાસેથી બમણો ટોલ ટેક્સ વસૂલશે
- ✓ બાંગલાદેશમાં સરકારી નોકરીમાં અનામત વિરોધી આંદોલનમાં કુલ 39નાં મૃત્યુ
- ✓ આજથી શ્રીલંકામાં મહિલાઓ માટેનાં T20 એશિયા કપનો પ્રારંભઃ ભારત કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAIL DERAILMENT

ઉત્તર પ્રદેશમાં ગોંડા રેલ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ચાર થયો છે. એક વ્યક્તિનું લખનૌની હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું અને આજે ટ્રેનના વેગન કોચમાંથી અન્ય એક મૃતદેહ મળી આવ્યો હતો. અન્ય બે ઈજાગ્રસ્તોની હાલત ગંભીર છે.

રેલવે તરફથી મળતી માહિતી મુજબ, ગઈકાલે બપોરે દિબ્રુગઢ જતી ટ્રેનના 21 ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા, જેમાં 30 લોકોને ઈજા થઈ હતી. લખનૌ ગુવાહાટી મુખ્ય રેલ માર્ગનું પુનઃસ્થાપન યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આ દરમિયાન ટ્રેનોને અન્ય રૂટ પર વાળવામાં આવી છે.

## RANCHI -NEET PAPER LEAK

નીટ-યુજી પ્રવેશ પરિક્ષાનું પ્રશ્નપત્ર લીક થવાનાં કેસમાં સીબીઆઇએ રાંચી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસની એક વિદ્યાર્થીની ધરપકડ કરી છે. કોલેજની 2023ની બેચની એમબીબીએસ વિદ્યાર્થિની સુરભી કુમારીની સઘન પૂછપરછ બાદ ધરપકડ કરવામાં આવી હતી.

સીબીઆઇએ તેની પાસેથી મોબાઇલ, લેપટોપ અને અન્ય વીજાણુ ઉપકરણો જપ્ત કર્યા છે. ઝારખંડનાં રામગઢ જિલ્લાની વતની સુરભિ કુમારીએ આ કેસનાં આરોપીઓ માટે નીટ પરિક્ષાનાં પ્રશ્નપત્રો ઉકેલ્યા હોવાનું કહેવાય છે.

## PARLIAMENT – BILLS

સરકાર આગામી સપ્તાહથી શરૂ થતા સંસદના ચોમાસુ સત્રમાં આપત્તિ વ્યવસ્થાપન કાયદામાં સુધારો કરવા સહિત છ નવા બિલ રજૂ કરશે.

નાણા વિધેયક ઉપરાંત, સરકારે નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં વ્યાપાર કરવામાં સરળતા માટે સક્ષમ જોગવાઈઓ પ્રદાન કરવા માટે 1934ના એરક્રાફ્ટ એક્ટને બદલવા માટે ભારતીય વાયુયાન વિધેયક 2024ને સૂચિબદ્ધ કર્યો છે. ગુરુવારે સાંજે લોકસભા સચિવાલય દ્વારા જારી કરાયેલા સંસદના બુલેટિનમાં ખરડાઓની યાદી પ્રકાશિત કરવામાં આવી હતી.

સંસદનું ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થશે અને 12મી ઓગસ્ટ સુધી ચાલશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ 23મી જુલાઈએ કેન્દ્રીય બજેટ રજૂ કરશે. દરમિયાન,

લોકસભાના સ્પિકર ઓમ બિરલાએ બિઝનેસ એડવાઈઝરી કમિટીની રચના કરી છે જે સંસદીય કાર્યસૂચિ નક્કી કરે છે.

## NHAI - DOUBLE CHARGE

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) આગળના કાચ પર FASTag નહીં ચોંટાડેલા વાહનો પાસેથી બમણો ટોલ ટેક્સ વસૂલશે.

સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, કાચ પર FASTagને ઇરાદાપૂર્વક ન લગાવવાથી ટોલ પ્લાઝા પર બિનજરૂરી વિલંબ થાય છે જેના કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગના વપરાશકર્તાઓને અસુવિધા થાય છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, આગળના કાચ પર FASTag ન લગાવવાના કિસ્સામાં બમણી યુઝર ફી વસૂલવા માટે એજન્સીઓને વિસ્તૃત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જારી કરવામાં આવી છે. હાલમાં, દેશભરમાં લગભગ એક હજાર ટોલ પ્લાઝા પર આશરે 45 હજાર કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે માટે વપરાશકર્તા ફી વસૂલવામાં આવે છે.

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમની આગામી આવૃત્તિ માટે મળેલા સૂચનો પર ખુશી વ્યક્ત કરી છે. આ કાર્યક્રમ આ મહિનાની 28મી તારીખે પ્રસારિત થવાનો છે. આજે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે, તેમને આગામી મન કી બાત કાર્યક્રમ માટે અસંખ્ય સૂચનો મળી રહ્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે, તેઓ ઘણા યુવાનોને ખાસ કરીને સમાજમાં પરિવર્તન લાવવાના હેતુથી કરાયેલા સામૂહિક પ્રયાસોને ઉજાગર કરતા જોઈને ખુશ છે. પ્રધાનમંત્રીએ લોકોને MyGov, NaMo એપ પર પ્રતિભાવો શેર કરવાનું ચાલુ રાખવા અથવા 1800117800 પર તેમનો સંદેશ રેકોર્ડ કરવા વિનંતી કરી છે.

# PM- URSULA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉર્સુલા વોન ડેર લેયનને યુરોપિયન કમિશનના પ્રમુખ તરીકે ફરીથી ચૂંટવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, તેઓ વૈશ્વિક સારા માટે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા માટે સાથે મળીને કામ કરવા આતુર છે. કમિશનના પ્રમુખ તરીકે આ તેમનો બીજો કાર્યકાળ હશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો...

...........................................................

# Bangladesh Violence

બાંગલાદેશમાં સરકારી નોકરીઓમાં અનામત સામે વિદ્યાર્થીઓનું આંદોલન વધુ હિંસક બનતાં સમાચાર ચેનલો બંધ કરવામાં આવી હતી અને સંદેશાવ્યવહાર સેવાઓ ખોરવાઈ ગયો હતો..

ફ્રાન્સની સમાચાર સંસ્થા એએફપીનાં અહેવાલ પ્રમાણે ગુરૂવારે શરૂ થયેલી હિંસાનો મૃત્યુઆંક વધીને ૩૯ થયો છે. જો કે સરકારે આ અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી.

શુક્રવારે દેશનાં કેટલાંક ભાગોમાં નવેસરથી હિંસા ફાટી નીકળી હતી. દેખાવકારોને વિખેરવા પોલિસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.

સરકારની વિવાદાસ્પદ અનામત પ્રથા સામે વિદ્યાર્થીઓમાં રોષ ફેલાતા આંદોલન શરૂ થયું હતું, પણ કેટલાંક વિશ્લેષકોનાં કહેવા પ્રમાણે ઊંચો ફુગાવો, વધતી જતી બેરોજગારી અને ઘટતા જતા વિદેશી હૂંડિયામણ જેવાં પરિબળોએ પણ હિંસાને વેગ આપ્યો છે.

## NIA-KHALISTANI TERRORIST

નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સીએ શસ્ત્રોનો પુરવઠો પૂરો પાડવાના કેસમાં ખાલિસ્તાની ત્રાસવાદી લખબીર સિંહ સંધુના મુખ્ય સાગરીતની ધરપકડ કરી છે. એનઆઇએએ ગઈ કાલે મધ્યપ્રદેશનાં બડવાની જિલ્લાનાં બલજીત સિંહની ધરપકડ કરી છે.

એનઆઇએનાં જણાવ્યા પ્રમાણે બલજીત સિંહ પંજાબમાં લખબીરસિંહનાં એજન્ટોને શસ્ત્રો પુરા પાડતો હતો. આ શસ્ત્રોનો ઉપયોગ વેપારીઓ પાસેથી ખંડણી સહિતની ત્રાસવાદી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કરવામાં આવતો હતો.

એનઆઇએની તપાસમાં જાણવા મળ્યું કે બલજીત સિંહે ખાલિસ્તાની ત્રાસવાદી સતનામ સિંહ સદ્દાને પણ શસ્ત્રો પૂરા પાડ્યા હતા. બલજીત સિંહ અને સદ્દા ભારતમાં ત્રાસવાદને પ્રોત્સાહન આપવા માટે વિદેશી ધરતી પરથી કામ કરતા હતા.

## Weather National (Update)

હવામાન વિભાગે આજે ગુજરાત દરિયાકાંઠાનાં વિસ્તારો, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગોવા માધ્ય મહારાષ્ટ્ર, તેલંગાણામાં ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

આ ઉપરાંત  મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ઓડિશા, આંદામાન અને નિકોબાર ટાપુઓ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, પૂર્વોત્તર ભારત, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ,

હરિયાણા, ચંદીગઢ અને દિલ્હી સહિતનાં રાજ્યોમાં વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ચાર દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં વરસાદની સમાન સ્થિતિ રહેશે.

## TRUMP

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન પ્રમુખપદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે આજે અમેરિકન લોકોના પ્રેમ અને સમર્થન માટે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

તાજેતરમાં પેન્સિલવેનિયામાં એક રેલી દરમિયાન તેમના પર થયેલા હત્યાના પ્રયાસ બાદ મળેલા લોકોના સમર્થન અંગે તેમણએ લોકોને આભાર માન્યો હતો. ભૂતપૂર્વ યુએસ પ્રમુખે કહ્યું કે, તેમનો સંકલ્પ અતૂટ છે અને તેઓ અમેરિકન લોકોને સેવા કરતી સરકાર આપવા પ્રતિબદ્ધ છે.

શ્રી ટ્રમ્પ આજે વિસ્કોન્સિનમાં મિલવૌકી ખાતે રિપબ્લિકન નેશનલ કન્વેન્શનમાં સંબોધન કર્યું હતું. ત્રીજી વખત રાષ્ટ્રપતિ માટે રિપબ્લિકન નોમિનેશનને ઔપચારિક રીતે સ્વીકાર્યા પછી તેમણે આ સંબોધન કર્યું હતું. યુએસ પ્રમુખપદની ચૂંટણી આ વર્ષે નવેમ્બરમાં યોજાવાની છે.

તેમની હત્યાના નિષ્ફળ પ્રયાસ પછી તેમના પ્રથમ ભાષણમાં, રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવારે કહ્યું કે તેઓ આત્મવિશ્વાસ, શક્તિ અને આશાના સંદેશ સાથે અમેરિકનો સમક્ષ ઉભા છે.

## Brittan in violence

બ્રિટનમાં ગઈ કાલે સાંજે લીડ્સ શહેરની આસપાસના વિસ્તારોમાં સલામતી કર્મચારીઓ સાથે સેંકડો રહેવાસીઓની અથડામણને પગલે અશાંતિ સર્જાઈ હતી. લોકોએ પોલિસનાં વાહનો પર પથ્થરમારો કર્યો અને એક બસમાં આગ લગાવી હતી.

પશ્ચિમ યોર્કશાયર પોલિસનાં જણાવ્યા પ્રમાણે આ અથડામણમાં કોઈને ઇજા થયાનો અહેવાલ નથી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે ઘટના સ્થળે અધિકારીઓને મોટી સંખ્યામાં ગોઠવવામાં આવ્યા છે.

બ્રિટનના ગૃહ સચિવ યવેટે કૂપરે આજે સવારે એક સોશિયલ મિડીયા પોસ્ટમાં ઘટના અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે, તેઓ લીડ્સમાં પોલિસ વાહનો અને જાહેર પરિવહનો પર થયેલા હૂમલાથી સ્તબ્ધ છે.

## WOMENS CRICKET ASIA CUP

મહિલા એશિયા કપ ક્રિકેટ T20માં, વર્તમાન ચેમ્પિયન ભારત આજે શ્રીલંકાના દામ્બુલામાં ટુર્નામેન્ટના પ્રથમ દિવસે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે તેના અભિયાનની શરૂઆત કરશે.

ટુર્નામેન્ટની શરૂઆત ગ્રુપ-Aની ટીમો સંયુક્ત આરબ અમીરાત અને નેપાળ વચ્ચે આજે ભારતીય સમય અનુસાર બપોરે 2 વાગ્યે થશે, જ્યારે ભારત અને પાકિસ્તાનની મેચ ભારતીય સમય અનુસાર સાંજે 7 વાગ્યે શરૂ થશે. ફાઇનલ મેચ 28મીએ રમાશે. એશિયા કપની આ આઠમી આવૃત્તિ છે, જેમાંથી સાતમાં ભારતનો વિજય થયો હતો.